સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

# ગુજરાત ગેસના બિલમાં કાયમ બબાલ: સંદીપ દેસાઇ

**બિલોના** વિતરણમાં અનિયમિતતા, બિલ સ્વીકારવામાં વિલંબ અને ફરિયાદો મુદ્દે ગુજરાત ગેસ કંપની ગ્રાહકોને હેરાન કરતી હોવાની રાવ

**વિવિધ** સમસ્યા ઉકેલવા ધારાસભ્ય સંદીપ દેસાઈની માંગ



સુરત: સુરત જિલ્લામાં વિવિધ વહીવટી અને જાહેર હિતના પ્રશ્નોના ઉકેલ માટે સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. બેઠકમાં ધારાસભ્યો, જિલ્લા પદાધિકારીઓ તેમજ વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાત ગેસ દ્વારા ગ્રાહકોને કરાઇ રહેલી હેરાનગતિ બાબતે તથા અનિયમિત બાંધકામ બાબતના પ્રશ્નો ઉઠ્યા હતા.

બેઠકની શરૂઆતમાં કલેક્ટર ડો.સૌરભ પારધીએ ઉપસ્થિત અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપતાં જણાવ્યું કે, જનપ્રતિનિધિઓ દ્વારા મળતી રજૂઆતો પ્રજાના હિત સાથે જોડાયેલી હોય છે, તેથી તેનો સત્વરે નિકાલ આવશ્યક છે. તેમણે વધુમાં કહ્યું કે, રજૂ થયેલા પ્રશ્નોનો સમયમર્યાદામાં યોગ્ય ઉકેલ લાવી, તેની જાણ સંબંધિત જનપ્રતિનિધિઓને કરવાની ફરજ પણ અધિકારીઓએ નિભાવવી જોઈએ.

ધારાસભ્ય સંદીપ દેસાઈએ ગુજરાત ગેસ કંપની સંબંધી લોકહિતના મુદ્દા રજૂ કરતાં જણાવ્યું કે, શહેરના કેટલાક વિસ્તારોમાં ગેસ બિલ વિતરણમાં અનિયમિતતા, અડાજણ કચેરીમાં બિલ સ્વીકારવામાં વિલંબ તેમજ ગ્રાહક ફરિયાદોમાં વધુ રાહ જોવી પડે છે, આવી અનેક સમસ્યાઓ નાગરિકો સામે આવી રહી છે. આ સંદર્ભે જિલ્લા કલેક્ટરે ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓને તાત્કાલિક પગલા લઈ સમસ્યાનું સમાધાન લાવવા સ્પષ્ટ સૂચના આપી હતી.

## કડોદરા રોડ પર કોમર્શિયલ બાંધકામોમાં માર્જીનના નિયમોનું પાલન થયું છે કે નહીં?

બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે બેઠક દરમિયાન વિસ્તારના વિકાસ સંબંધી એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, બારડોલીના અલંકાર થિયેટરથી નાંદીડા ચાર રસ્તા સુધી તથા નાંદીડાથી સુરતી જકાતનાકા સુધીના (બારડોલી-કડોદરા-સુરત) માર્ગ પર થતી કોમર્શિયલ બાંધકામ પ્રવૃત્તિઓમાં રોડ માર્જીનના નિયમોનું પાલન થયું છે કે નહીં? તેની ચકાસણી કરી જરૂરી પગલાં લેવાં જોઈએ. સાથે જ તેમણે બારડોલી નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં આપવામાં આવેલી બાંધકામ પરવાનગીઓની સંખ્યા, તેમાંથી કેટલાં બાંધકામોની આકારણી પૂર્ણ થઈ છે અને વેરા વસૂલાતની હાલની સ્થિતિ વિશે પણ માહિતી માંગી હતી. આ સંદર્ભે કલેક્ટર ડો.પારધીએ સંબંધિત અધિકારીઓને વિગતવાર રિપોર્ટ રજૂ કરવાની સૂચના આપી હતી.

## વિકાસ અને સુખાકારી માટે કલેક્ટરે દિવાળીની શુભેચ્છાઓ પાઠવી

બેઠકના અંતે ઉપસ્થિત ધારાસભ્યો, અધિકારીઓ તથા કલેક્ટરે પરસ્પર દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે આશા વ્યક્ત કરી કે આવનારા નવા વર્ષે જિલ્લાનો સર્વાંગી વિકાસ, જનતાની સુખાકારી અને વહીવટી વ્યવસ્થામાં વધુ પારદર્શિતા આવે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા, તેમજ વિવિધ વિભાગોના પ્રાંત અધિકારીઓ અને વિભાગીય વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન પ્રાંત અધિકારી વિક્રમ ભંડારીએ કર્યું હતું.

હર્ષ સંઘવીએ પદભાર સંભાળતા જ લીધો નિર્ણય

# STના તમામ કર્મીઓને પેશગી એડ્વાન્સ મળશે

**ફિક્સ** પગારના કર્મચારીઓને જ નહીં પરંતુ તમામને 10,000 મળશે

ગાંધીનગર: નાયબ મુખ્યમંત્રી સંઘવીએ પદભાર સંભાળતાની સાથે જ તેમના હસ્તકના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજી હતી. આ પૈકી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં તેમણે નિગમના 36,000 થી વધુ કર્મશીલ કર્મચારીઓના હિતમાં મહત્ત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણયો રાજ્યના નાગરિકોને સમયસર અને સુદ્રઢ પરિવહન વ્યવસ્થા પૂરી પાડવા રાત-દિવસ કાર્ય કરતાં GSRTC કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે લેવામાં આવ્યા છે. ફિક્સ પગારના કર્મચારીઓને બદલે તમામ કર્મચારીઓને હવે 'તહેવાર પેશગી એડવાન્સ'ની રકમ અપાશે, રકમમાં પણ બમણો વધારો કરાયો છે. નિગમના તમામ કર્મચારીઓને હવે રૂ.10,000 'તહેવાર પેશગી એડવાન્સ' તરીકે આપવામાં આવશે. અગાઉ માત્ર ફિક્સ પગારના કર્મચારીઓને રૂ.5,000 સુધી આ પેશગી મળતી હતી. નાયબ મુખ્યમંત્રીએ પ્રથમ બેઠકમાં જ આ પેશગીની રકમમાં બમણો વધારો કરીને તમામ કર્મચારીઓને આ લાભ આપવાનો નિર્ણય લીધો છે.

# દોઢ વર્ષ ભોગવ્યા બાદ પરિણીતાને તરછોડી

**ભરણપોષણ** કરવાનું પણ વચન આપી પતિ સાથે છૂટાછેડા લેવડાવી દીધા હતા

સુરત:વરાછા વિસ્તારમાં રહેતા એક યુવકે પાડોશમાં રહેતી મહિલાને લગ્ન અને ભરણપોષણના ખોટા વચનો આપી પ્રેમ સંબંધ બાંધી શારીરિક સંબંધ બાદ તિલાંજલી આપ્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. વરાછા વિસ્તારમાં રહેતા ફરિયાદી યુવક અને આરોપી દિવ્યેશ રાઘવભાઇ ખેની (ઉ.વ.૩૮, ધંધો – મકાન લે વેચ,રહે. કાળીદાસનગર સોસાયટી, ત્રિકમનગર-૧ પાસે, વરાછા, સુરત, મુળ વતન – ફુલઝર, તા. તળાજા, જી. ભાવનગર) વચ્ચે ઓળખાણ ઓક્ટોબર-૨૦૨૩થી થઈ હતી. ફરીયાદીની બહેન કાજલ (નામ બદલ્યું છે) ત્રિકમનગરમાં જ રહેતી હોવાથી દિવ્યેશ અને કાજલ વચ્ચે ઓળખાણ થઇ હતી. આ દરમિયાન કાજલ પોતાના પતિ સાથે અવારનવાર ઝઘડા થતા હોવાની વાત આરોપી દિવ્યેશ સુધી પહોંચી હતી. બાદમાં દિવ્યેશે કાજલને પોતાના પતિથી છૂટાછેડા લેવા અને પોતાના ઘરે રહેવાની સલાહ આપી હતી.અને "હું તારું ભરણપોષણ કરીશ" એવું કહી વિશ્વાસમાં લીધી હતી.

કાજલ દિવ્યેશના મકાનમાં ભાડેથી રહેવા લાગી હતી. આ દરમ્યાન દિવ્યેશ ખેનીએ વારંવાર ફોન પર તેમજ વ્યક્તિગત મુલાકાત દરમિયાન પ્રેમના બહાના હેઠળ સંબંધ વધાર્યા હતા. ત્યારબાદ બંને વચ્ચે શારીરિક સંબંધ બાંધ્યા બાદ દિવ્યેશે મહિલાને છોડી દીધી હતી.

આજે રવિવારે છેવટની ખરીદી નીકળવાની શક્યતા

# દક્ષિણ ગુજરાતના શ્રમિકોને રૂ.352.30 કરોડનું બોનસ

**દક્ષિણ** ગુજરાતના 5 જિલ્લાના 2,29,477 કામદારોને આવરી લેવાયા

સુરત:સુરત સહિત દક્ષિણ ગુજરાતના 5 જિલ્લાના કામદારોને 352.30 કરોડનું દિવાળી બોનસ ચૂકવાયુ છે.એને લીધે આવતીકાલે રવિવારે છેવટની ખરીદી નીકળવાની શક્યતા જોવાઈ રહી છે.

ઔદ્યોગિક એકમો,રિટેલ અને સર્વિસ સેક્ટર દ્વારા 2024/25 ના દિવાળી બોનસ તરીકે 352.30 કરોડનું બોનસ ચૂકવવામા આવ્યું હોવાનું EPFO વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. સને 2024/25 ના વર્ષ માટે સુરત, વલસાડ, નવસારી, તાપી, ડાંગ જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમો તથા સંસ્થાઓમાં બોનસ ચુકવણી અધિનિયમ - 1965 હેઠળ કુલ 1047 સંસ્થાઓમાં કુલ 2,29,477 કામદારોને કુલ રૂપિયા 352,30,11,162 /- ની રકમનું બોનસ ચુકવવામાં આવ્યું છે.

2024/25 વર્ષ માટે બોનસ ચુકવણી અધિનિયમ - 1965 હેઠળ સુરત, વલસાડ, નવસારી, તાપી અને ડાંગ જિલ્લાઓમાં ઔદ્યોગિક એકમો, રિટેલ અને સર્વિસ સેક્ટર એટલે કે,ઓર્ગેનાઈઝ્ સેક્ટર દ્વારા દિવાળી બોનસની ચુકવણી કરવામાં આવી છે. એમાં નોન ઓર્ગેનાઈઝ સેક્ટરના ડેટાનો સમાવેશ થતો નથી. દક્ષિણ ગુજરાતના 5 જિલ્લાઓમાં કુલ 1,047 સંસ્થાઓમાં 2,29,477 કામદારોને કુલ રૂ.352.30 કરોડનું બોનસ ચૂકવવામાં આવ્યું છે.

આ ચુકવણીથી કામદાર વર્ગને આર્થિક સહાય મળી છે અને ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળ્યું છે.

સુરત જિલ્લો, ટેક્સટાઇલ ,ડાયમંડ, ફાર્મા, કલર,કેમિકલ,એન્જિનિયરિં ,અને અન્ય ઔદ્યોગિક ક્ષેત્રોને કારણે આ વિસ્તારના મોટા ભાગના કામદારોનો સમાવેશ છે. આ કામદારો મોટાભાગે બોનસ અધિનિયમ હેઠળની સંસ્થાઓમાં કાર્યરત છે, જે EPFO (એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન) નોંધણી સાથે જોડાયેલા છે.

સુરત જિલ્લામાં EPFO ઓફિસમાં નોંધાયેલા કર્મચારીઓની સંખ્યા EPFOના તાજા પેરોલ ડેટા (સપ્ટેમ્બર 2025) અનુસાર, ગુજરાત રાજ્યમાં જુલાઈ 2025માં કુલ 1,88,952 નેટ નવા સબ્સ્ક્રાઇબર્સ (જોડાયેલા કર્મચારીઓ) ની ભરતી થઈ છે, જોકે, સુરત ગુજરાતનું મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર હોવાથી, રાજ્યના મોટા ભાગના EPFO સબ્સ્ક્રાઇબર્સ અહીં જોડાયેલા છે. બોનસ ચુકવણીના આંકડાઓથી અનુમાન છે કે સુરતમાં 1,50,000થી વધુ કામદારો આવા ક્ષેત્રોમાં કાર્યરત છે, જે EPFO નોંધણી સાથે જોડાયેલા છે.

| જિલ્લા | સંસ્થા | કામદારો | બોનસ |
|---|---|---|---|
| 05 | 1,047 | 2,29,477 | 352.30 કરોડ |

# હર્ષ સંઘવીએ કહ્યું: એવો શ્લોક બોલો કે લોકોના કામ થઈ જાય

**હર્ષ** સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો

સુરત : આજે બપોરે દોઢવાગ્યાની આસપાસ સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર ખાતે આજે હર્ષ સંઘવીએ વિધિવત્ નાયબ મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો હર્ષ સંઘવીને ગૃહ વિભાગનો હવાલો સોપાયો છે. આ ચાર્જ સંભાળતા પહેલા તેમણે ભગવાનના દર્શન કરીને ગુજરાતની પ્રગતિ અને નાગરિકોની જનસુખકારી માટે પ્રાર્થના કરી હતી.

નવી ચેમ્બરમાં ચાર્જ સંભાલથી વખતે હર્ષ સંઘવીની ચેમ્બરમાં પૂજન પણ કરાયુ હતું. તેઓ જયારે ચેમ્બરમાં પ્રવેશ કરી રહયા હતા ત્યારે તેમણે પૂજા કરાવનાર મહારાજને કહયું હતું કે મહારાજ એક એવો શ્લોક બોલો કે અહીયા આવતા દરેક નાના માણસોના કામ થઈ જાય. ત્યારે મહારાજે મંગલમ ભગવાન વિષ્ણું... શ્લોક બોલ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલની ટીમમાં સાથી સભ્ય તરીકે ચાર્જ સંભાળવાનો અવસર મળ્યો છે.

આજે ચાર્જ સંભાળ્યા બાદ નાયબ મુખ્યમંત્રીએ વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો શરૂ કરી છે. તે ઉપરાંત સાથી મંત્રીઓ અને પૂર્વ મંત્રીઓ સાથે બેઠક યોજીને તેમના અનુભવનું માર્ગદર્શન તેમજ તેમના સહયોગથી ગુજરાતના નાગરિકોની સુખાકારીમાં વધુમાં વધુ વધારો થાય તે દિશામાં કામ કરવામાં આવશે. ચાર્જ સંભાળવાના આ પ્રસંગે અલગ અલગ જિલ્લાઓ અને શહેરોમાંથી ખૂબ મોટી સંખ્યામાં પધારેલા શુભેચ્છકોએ હર્ષ સંઘવીને રૂબરૂ મળીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# બાળકોની સ્કૂલ ફી માટે પૈસા ન હોય લૂંટનું તરકટ

**જાતે** જ પોતાને છરી મારી, ચાર શખ્સ 50 હજાર લૂંટી ગયાની ડિંડોલીમાં ફરિયાદ નોંધાવી

**છેલ્લા** એક મહિનાથી કામ ન હોય સહાનુભૂતિ મેળવવા નાટક રચ્યું

સુરત: ડિંડોલી વિસ્તારમાં નોંધાયેલા ૫૦,૦૦૦ રૂપિયાની લૂંટના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે લૂંટનો ભોગ બનનાર યુવક જ આ આખી ઘટના પાછળનો માસ્ટરમાઈન્ડ હતો. આર્થિક તંગીના કારણે યુવકે લૂંટનું નાટક રચી ખોટી ફરિયાદ નોંધાવી હતી. રાજેન્દ્ર ઉર્ફે રાજુ યાદગીરી ચિંતાકિંડી (ઉ.વ.38) નામનો વ્યક્તિ, જે ડિંડોલીના મધુરમ સર્કલ પાસે સ્થિત શ્રી શુભ રેસિડેન્સીમાં રહે છે, તેણે 16 ઓક્ટોબરના રોજ રાત્રે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે જ્યારે તે ભેસ્તાનથી ઈક્લેરા ચાર રસ્તા તરફ જઈ રહ્યો હતો, ત્યારે બે મોપેડ પર આવેલા ચાર અજાણ્યાએ તેના ૫૦,૦૦૦ રૂપિયા લૂંટી છાતીમાં છરી મારીને ફરાર થઈ ગયા હતા. ડિંડોલી પોલીસે તરત જ અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી. ઘટના સ્થળ તથા આસપાસના વિસ્તારોમાં લગાવાયેલા CCTV ફૂટેજ મેળવવામાં આવ્યા તેમજ યુવકના વર્ણન સાથે તુલના કરવામાં આવી. પરંતુ તપાસ દરમિયાન યુવકના જણાવ્યા મુજબની કોઈ લૂંટની ઘટના જોવા મળી નહીં. આથી પોલીસે યુવકની ક્રોસ પૂછપરછ હાથ ધરી, જેમાં અંતે રાજેન્દ્ર તૂટી પડ્યો અને સત્ય કબૂલ્યું હતું. તેણે જણાવ્યું કે છેલ્લા એક મહિનાથી તેની પાસે કોઈ કામ નહોતું, ઘર ચલાવવાનું મુશ્કેલ બની ગયું હતું, બાળકોની શાળાની ફી અને દિવાળીની તજવીજ માટે પૈસાની તંગી હતી. આથી સહાનુભૂતિ મેળવવા અને પૈસા મેળવવાના આશયથી તેણે લૂંટનો નાટક રચ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, રાજેન્દ્રે પોતાના ઘરની શાકભાજી કાપતી છરી લઈને પોતાની જ છાતીમાં ઘા કર્યો હતો, જેથી લૂંટનો બનાવ ખરેખર થયો હોય તેમ લાગે. તપાસ બાદ ડિંડોલી પોલીસે ખોટી ફરિયાદ નોંધાવવાના ગુનામાં રાજેન્દ્ર સામે કાર્યવાહી હાથ ધરી છે.

પાલમાં લોન એજન્ટ મહિલા પાસેથી

# મુંબઈ ક્રાઈમ બ્રાંચની ઓળખ આપી રૂપિયા ૨.૨૫ લાખની લૂંટ

**એક** આરોપીએ આઈડી કાર્ડ બતાવ્યું અને કહ્યું, 'તુમ લોગ લીગલી કામ નહીં કરતે હો, ધોકા કરતે હો'

સુરતઃ જહાંગીરાબાદની વિટોરિયા હાઈટ્સ માં રહેતી ૨૮ વર્ષીય સુજલ જિનેંદ્રભાઈ પાદરીયા લોન કન્સલ્ટન્સી કામ કરે છે. તેમને ૧૪ ઓક્ટોબરના રોજ સાંજે તેમને એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો, જેણે પોતે મુંબઈથી હોવાનો જણાવી "બિઝનેસ માટે મળવું છે" એમ કહ્યું હતું. સુજલે તેને બીજા દિવસે મળવાનું કહ્યું હતું.

તા. ૧૫ ઓક્ટોબરના રોજ સુજલ પાલનપુર જકાતનાકા એસબીઆઈ બેંકમાંથી રૂપિયા ૨.૨૫ લાખ ઉપાડી ઈસ્કોન સર્કલ વિસ્તારમાં હતી, ત્યારે ફરી એક અજાણ્યો ફોન આવ્યો હતો. ફોન કરનારએ અડાજણ ટી પોસ્ટ કેફે પર મળવા કહ્યું હતું. સુજલ ત્યાં પહોંચી, ત્યારે એક વ્યક્તિ આવી મળી, જે લોનના કામની વાત કરતાં હતાં, પણ થોડી વારમાં તેની પાછળ પાંચ અજાણ્યા વ્યક્તિઓ કેફેમાં ઘૂસી આવ્યા હતા.

આ વ્યક્તિએ પોતાનું નામ "રણજીત" જણાવી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના સબ ઈન્સ્પેક્ટર તરીકે ઓળખ આપી આઈડી કાર્ડ બતાવ્યું અને કહ્યું – "તુમ લોગ લીગલી કામ નહીં કરતે હો, ધોખા કરતે હો." પછી તેમણે સુજલની કાળી હેન્ડબેગ લઈ લીધી જેમાં ૨.૨૫ લાખ રૂપિયા અને વીવો કંપનીનો રૂ.૨૦,૦૦૦ નો મોબાઈલ હતો.આ દરમિયાન સુજલ સાથેના ભુપેન્દ્રભાઈ મિસ્ત્રી પણ કેફે પર આવી પહોંચ્યા. તેઓએ પોલીસને જાણ કરવાની વાત કરતાં રણજીત નામના આ નકલી અધિકારીએ તેમને ચાંટો મારી તેમનો રૂ.૧૫,૦૦૦ નો મોબાઈલ પણ છીનવી લીધો હતો. બાદમાં તેઓએ પોતે અડાજણ પોલીસ સ્ટેશન લઈ જવાની વાત કરી અને સુજલ તથા ભુપેન્દ્રભાઈને પોતાના માણસોની કારમાં બેસાડી વેસુ તરફ લઈ ગયા હતા.

આ ફેક અધિકારીએ ડુમસ રોડ પર આવેલ IBC બિલ્ડિંગ પાસે તેમને ઊભા રાખી પોતે થોડા સમય માટે જવાની વાત કરી પોતાનો મોબાઈલ નંબર આપ્યો અને ચાલ્યો ગયો. પરંતુ ત્યારબાદ તે કદી પરત ફર્યો જ નહીં. ભુપેન્દ્રભાઈએ રાહદારીના ફોન પરથી કોલ કરતાં તેને કહ્યું કે "હું મેગી ખાવા બેસેલો છું, પછી આવું છું" એમ કહી ફોન કાપી દીધો હતો.

ત્યારબાદ સુજલ અને ભુપેન્દ્રભાઈને સમજાયું કે તેઓ લૂંટાયા છે અને નકલી પોલીસ ગેંગના ભોગ બન્યા છે. વધુમાં, ભુપેન્દ્રભાઈ ફરી ફોન કરતા "કોઈને કઈ બોલશો તો એન્કાઉન્ટર કરી નાખીશું."તેવી ધમકી આપી હતી.આખી ઘટનાથી ભયભીત બનેલા સુજલ અને ભુપેન્દ્રભાઈએ શરૂઆતમાં પોલીસમાં જાણ કરી ન હતી, પરંતુ પછી હિંમત કરી પાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે રણજીત સહિતના છ શખ્સ વિરુદ્ધ લૂંટ, ધમકી અને છેતરપિંડીના ગુના હેઠળ કેસ નોંધ્યો છે.

## લિંબાયતમાં ગૌમાંસ વેચી રહેલો ખાટકી ઝડપાયો

સુરતઃ લિંબાયતમાં ગૌમાંસ વેચી રહેલા ખાટકીને પોલીસે ઝડપી પાડ્યો છે. લિમ્બાયત પોલીસને, પોલીસ કંટ્રોલ રૂમમાંથી એક વાયરલેસ મેસેજ મળ્યો હતો, જેમાં કોલર અનિલસિંહ અમરનરેશસિંહ રાજપૂતની બાતમી હતી કે યુસીડી સેન્ટરની પાછળની ગલીમાં પ્લોટ નં. ૪૯૭ ખાતે એક વ્યક્તિ માંસ વેચાણ કરી રહ્યો છે. પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરતાં રહેણાંક મકાનના ઓટલા પર માંસના ટુકડા મળી આવ્યા હતા. આ જગ્યા પર હાજર વ્યક્તિએ પોતાનું નામ ફહિમ રઉફ શેખ (ઉંમર ૩૫ વર્ષ, ધંધોઃ મટન વેપાર, રહેઃ પ્લોટ નં. ૩૫૪, રઝાનગર વાડીવાલા બાવાની દરગાહ પાસે, ભાઠેના, સલાબતપુરા) જણાવ્યું હતું. અત્રે ઉલ્લખનીય છે કે ગૌવંશની હત્યા અને વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં કેટલાક ખાટકીઓ આ ધંધો કરી રહ્યા છે. અને ભાઠેના વિસ્તારમાં તેમનું નેટવર્ક મોટું છે.

# લસકાણાના કારખાનેદાર સામે કોપીરાઈટનો ગુનો

**લાઇસન્સ** વિના વિલકોમ કંપનીનું સોફ્ટવેર વાપરતો હતો, પોલીસે બે સીપીયુ, મોનિટર સહિત 30 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

સુરતઃ પાલનપુર પાટિયા કેનાલ રોડ પર ઓમકાર રેસીડેન્સીમાં રહેતા જીતેન્દ્ર રવિકાંત ભટ્ટ વિલકોમ કંપનીમાં કર્મચારી છે. તેમણે પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, લસકાણાના ડાયમંડ નગરમાં રામદેવ ઈન્ડસ્ટ્રીઝ ખાતે આરોપી સુરેશભાઇ હીરજીભાઇ કુકડીયા "કૃપાલી ફેશન" નામે એમ્બ્રોઈડરીનો ધંધો ચલાવે છે. સુરેશભાઇ કુકડીયા (રહે. જૂની શક્તિ વિજય સોસાયટી, હીરાબાગ વરાછા રોડ, સુરત)એ વિલકોમ કંપનીનું સોફ્ટવેર ગેરકાયદે રીતે પોતાના એમ્બ્રોઈડરી મશીનોમાં ઉપયોગમાં લીધું છે. સોફ્ટવેર માટે કોઈ લાયસન્સ કે પાસ પરમિટ ન હોવા છતાં આરોપીએ ડિઝાઇન તૈયાર કરવા માટે સોફ્ટવેરનો ઉપયોગ કર્યો હતો.

ફરિયાદના આધારે લસકાણા પોલીસે સ્થળ પર તપાસ હાથ ધરી હતી, જેમાં આરોપીની પાસે પરથી બે સી.પી.યુ. તથા બે મોનિટર મળી આવ્યા હતા. આ તમામ ઉપકરણો સાથે કુલ રૂ. ૩૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પોલીસે આ ઉપકરણોને સીલ કરી, ફોરેન્સિક તપાસ માટે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી છે, જેથી સોફ્ટવેરના ઉપયોગની પુષ્ટિ થઈ શકે.

લસકાણા પોલીસ સ્ટેશનના અધિકારીઓએ જણાવ્યું કે, આવા પ્રકારના કૉપીરાઇટ ઉલ્લંઘનના ગુનાઓ ટેક્નોલોજી ક્ષેત્રે ગંભીર ગણાય છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### દિવાળી પહેલા જ...

પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દિવાળી, છઠપૂજા અને બિહાર વિધાનસભા ચૂંટણીના પગલે સુરતમાં કામ કરતા લાખો શ્રમિકોએ છેલ્લા અઠવાડિયાથી વતનની વાટ પકડી છે. પેસેન્જરોના ધસારાને પગલે રેલવે વિભાગે તમામ સુવિધા કરી હોવાનો દાવો કર્યો છે, પરંતુ પેસેન્જરનું માનીએ તો, પીવાના પાણીની પણ પૂરતી વ્યવસ્થા નથી. 12-14 કલાક લાઈનમાં ઊભા રહેવા છતાં ટ્રેનોમાં જગ્યા ન મળતી હોવાનું પેસેન્જર જણાવી રહ્યા છે. રેલવે વિભાગે મુસાફરો માટે પેસેન્જર હોલ્ડિંગ એરિયા બનાવ્યો છે, પરંતુ એ હાઉસફુલ થઈ જતાં પેસેન્જર ખુલ્લામાં રસ્તા પર બેસી ટ્રેનની પ્રતીક્ષા કરતા જોવા મળી રહ્યા છે.

### સુરતમાં ધનતેરસે...

શહેરનું મહત્તમ તાપમાન 36.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલની સરખામણીમાં આંશિક વધારે છે. જ્યારે લઘુત્તમ તાપમાન 24.2 ડિગ્રી નોંધાયું હતું, જે થોડી ઘટત સાથે નોંધાયું. હવામાં 52 ટકાની ભેજ અને 6 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાયો હતો.

### જ્વેલર્સને ધનતેરસ...

કે ભાવમાં ભારે અસ્થિરતા છે, જેના કારણે ઘણાં લોકો નવી ખરીદી માટે નિરાશ છે. મધ્યમ વર્ગના ગ્રાહકોને પણ બજારમાં ભાગ લેવામાં મુશ્કેલી પડી રહી છે. બીજી બાજુ, રોકાણકારો ઝડપથી આગળ વધી રહ્યા છે, સોનાના સિક્કા અને ચાંદીમાં રોકાણ વિકલ્પો તરીકે રસ વધારતા રોકાણકારો ભાવમાં વધુ વૃદ્ધિની અપેક્ષા રાખે છે.

લગ્નના ઝવેરાતનો સેગમેન્ટ ધીમો રહ્યો છે અને રૂપિયાની દ્રષ્ટિએ કુલ બજાર ટર્નઓવર ₹110 કરોડની આસપાસ હોવાનો અંદાજ છે. પરંતુ વજનની દૃષ્ટિએ ગયા વર્ષની સરખામણીમાં વોલ્યુમમાં લગભગ 30-40% ઘટાડો થયો છે. વધુમાં, હળવા વજનના ઝવેરાતની સારી માંગ છે તેમજ 14 કેરેટ અને 9 કેરેટના લેબગ્રોન ડાયમંડ જ્વેલરીની ખરીદીમાં ઉત્સાહજનક વલણ જોવા મળી રહ્યું છે.

બુલિયન પાસે સોના અને ચાંદીની બિસ્કિટ તેમજ ઈંટ સ્ટોકમાં રહી નથી. એક ગ્રામથી લઈને 10 ગ્રામ સુધીના ચાંદી અને સોનાની લગડીનું સારા પ્રમાણમાં વેચાણ થયું છે. આ વખતે સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ દ્વારા બોનસ સાથે એડવાન્સ પગાર કરાતા લોકોની ખરીદ શક્તિ થોડી વધી જેનો ફાયદો માર્કેટને મળ્યો હતો, બપોર પછી ખરીદી નીકળી હતી.

### સોનાના ભાવ...

સિક્કાઓ પૂજા માટે ખરીદવાનો ટ્રેન્ડ રહ્યો છે. મોટા જ્વેલર્સે સ્ટોક સામે બુકિંગ કરાવ્યું છે, ધન તેરસે પુષ્ય નક્ષત્ર કરતા ખૂબ સારો પોઝિટિવ વેપાર થયો હતો.

### હજીરામાં પાંચ...

સળગાવેલા દીવાને લીધે આગ લાગી હોવાની શક્યતા છે, જેનાથી બાળક દાઝી ગયો હતો. બાળકના પરિવારના સભ્યોએ કહ્યું કે, ઘરમાં નાના પલંગ પર બાળકને સુવડાવ્યો હતો, ત્યારે પલંગને કોઈ રીતે આગ લાગતા સળગવા લાગ્યો હતો. નવી સિવિલ હોસ્પિટલમાં બાળકનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ અંગે હજીરા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ક્રિકેટ રમ્યા બાદ...

તાત્કાલિક દરોડા પાડ્યા હતા. ફ્લેટ નં. એ/૧૧૦૧માં પ્રવેશ કરતાં જ ત્યાં ૧૭ વ્યક્તિઓ સોફા અને ખુરશીઓમાં બેઠેલા મળી આવ્યા હતા.પોલીસે તપાસમાં ટેબલ પરથી બેલેન્ટાઈન બ્લેન્ડેડ સ્કોચ વ્હિસ્કીની ત્રણ કાચની બોટલો મળી આવી, જેમાંથી એક અડધી ભરેલી (આશરે ૧૮૦ મી.લી.) અને બે ખાલી હતી. પોલીસે આ તમામના મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે, જેની કુલ કિંમત આશરે ૫,૧૭,૦૦૦ રૂપિયા છે. કુલ મુદ્દામાલની કિંમત ૫,૧૮,૬૦૦ રૂપિયા છે.પોલીસ તપાસમાં

પકડાયેલાઓમાંથી રાહુલ નિર્મલકુમાર જૈન ફ્લેટના માલિક હોવાનું બહાર આવ્યું હતુ.તેની પુછપરછમાં જાણવા મળ્યું કે, વિદેશી દારૂ તેઓને તેમના મિત્ર રચિત રાજીવ ખટોડ (રહે.રીવર રેસીડેન્સી, પાલ પોઈન્ટ, ઉમરા, સુરત) પાસેથી વેચાણથી લાવ્યા હતા. આથી રચિતને પણ પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. તમામ ક્રિકેટ રમ્યા બાદ રાહુલ જૈનના ઘરે આવ્યા હતા અને કેટલાકે જમવા દરમિયાન દારૂ પીધો હતો.

પોલીસે તમામને બ્રેથ એનાલાઈઝરથી ચેક કરતાં પાંચ વ્યક્તિઓ પોઝિટિવ જણાયા હતા, જ્યારે અન્ય નેગેટિવ આવ્યા. તમામને મેડિકલ તપાસ માટે નવી સિવિલ હોસ્પિટલ મોકલાયા છે. કોઈ પાસે દારૂની પરમિટ નહોતી, જેથી પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૬૬(૧)(બી), ૯૮(સી), ૮૧ હેઠળ ગુનો નોંધાયો છે.

### ગુંગા-બહેરાનો...

એક છ વર્ષની માસૂમ બાળકી રમી રહી હતી.સાંજે 6.30 વાગ્યાના સમયગાળા દરમિયાન, આરોપી બાળકીને૧૦ રૂપિયા આપવાની લાલચ આપીને ગોડાઉનની અંદર લઈ ગયો હતો. ત્યાં તેણે બાળકીના કપડાં કાઢી નાખી તેની સાથે શારીરિક અડપલાં કર્યા હતા અને પોતાની હવસ સંતોષવાનો પ્રયાસ કર્યો હતો.

આ બનાવ બાદ, બાળકી ગભરાયેલી હાલતમાં ઘરે પહોંચી હતી અને દુખાવો થતો હોવાથી તેણે આ સઘળી હકીકત પોતાના માતા-પિતાને જણાવી હતી. આઘાત પામેલા પરિવારજનોએ તાત્કાલિક આ બાબતને ગંભીરતાથી લઈ મહિધરપુરા પોલીસ મથકમાં દોડી જઈ આરોપી મોહમ્મદ સલમાન ઈન્સાફ અલી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પરિવારની ફરિયાદને આધારે, મહિધરપુરા પોલીસે તુરંત જ બળાત્કાર (POCSO એક્ટ હેઠળની કલમો સહિત) નો ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી. આરોપી મૂળ યુપી નો રહેવાસી છે અને તે પાંચ વર્ષની દીકરીનો પિતા છે. આરોપીની પત્ની અને બાળકી બંને વતન યુપીમાં રહે છે. આરોપી બોલી અને સંભાળી નથી શકતો. હાલતો મહિધરપુરા પોલીસ દ્વારા તેની પાસે રહેલા ફોન સહિતનાની તપાસ પણ કરવામાં આવી રહી છે.

# નાનપુરાના વેપારીની ૮.૨૨ લાખની મચ્છી ઠગો ખાઈ ગયા

**નકલી** ફિશ એક્સપોર્ટ કંપનીના નામે ૮.૨૨ લાખની છેતરપિંડી

**આરોપી** ઝુબેરભાઈ અને સાથી સલીમભાઈએ ખોટી NEFT સ્લીપ અને ફેક ચેકથી વેપારીને ઠગ્યો

સુરત : શહેરના નાનપુરા મચ્છીવાડ વિસ્તારમાં મચ્છી વેપાર કરતા એક વેપારી સાથે નકલી ફિશ એક્સપોર્ટ કંપનીના નામે છેતરપિંડી થવાનો બનાવ સામે આવ્યો છે. આરોપીઓએ નકલી બેંક સ્લીપ અને ફેક ચેક મોકલી વેપારી પાસેથી રૂપિયા ૮.૨૨ લાખની હિલ્સા અને પાલવા જાતની મચ્છી મેળવી ચુકવણી કર્યા વિના ફરાર થઈ ગયા હતા. અઠવાલાઈન્સ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર પાટિયા નજીક રામદેવનગર સોસાયટીમાં રહેતા મિતેશકુમાર મણીલાલ કહાર નાનપુરા માછીવાડમાં મચ્છીબજારમાં વેપાર કરે છે, તેમણે ફરિયાદ નોંધાવી હતી કે, નુર ફીશ એક્સપોર્ટર એન્ડ મર્ચન્ટ નામની કંપનીના સંચાલક ઝુબેરભાઈ તથા તેના સાથી સલીમભાઈએ મળીને છેતરપિંડીની યોજના બનાવી હતી. આરોપીઓએ ફોન પર મિતેશકુમાર પાસેથી એક ટન હિલ્સા (મોદાર) મચ્છીનો ઓર્ડર આપ્યો હતો. તા. ૧૯/૦૭/૨૦૨૫ના રોજ તેમણે કુલ ૯૧૦ કિલો હિલ્સા ફિશ રૂપિયા ૮૫૦ પ્રતિ કિલો પ્રમાણે અને ૭૦ કિલો પાલવા જાતની મચ્છી રૂપિયા ૭૦૦ પ્રતિ કિલો પ્રમાણે મળી કુલ ૯૮૦ કિલો મચ્છી (૨૮ કાર્ટન) જેની કિંમત રૂપિયા ૮,૨૨,૦૦૦ થાય છે તે માલ ઝુબેરભાઈના કહેવા મુજબ ફિરોઝભાઈના બોલેરો પીકઅપ ટેમ્પો (નં. GJ-05-CU-5165)માં મુબઈના દાદર ક્રોફર્ડ માર્કેટ મોકલી આપ્યો હતો. માલ પહોંચ્યા બાદ ઝુબેરભાઈએ મિતેશકુમારને ખોટી NEFT સ્લીપ વોટ્સએપ મારફતે મોકલી હતી, જેમાં જણાવાયું હતું કે રૂપિયા ૮.૨૨ લાખ તેમના કોટક બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા છે. બાદમાં, ચૂકવણીની ખાતરી તરીકે આરોપીઓએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો નકલી ચેક નંબર ૩૯૧૭૫૬ પણ મોકલ્યો હતો, જેની ખાતા નંબર અને કંપની "નુર ફીશ એક્સપોર્ટર એન્ડ મર્ચન્ટ"નું અસ્તિત્વ જ ખોટું હોવાનું સામે આવ્યું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓએ ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા મારફતે ખોટી ઓળખ બનાવી મિતેશકુમાર સાથે મોટો આર્થિક વ્યવહાર કર્યો હતો. ચુકવણી કર્યા વિના મચ્છી મેળવી ભાગી જતા વેપારીને છેતરાયાનું જાણવા મળતા તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.